# 7. પગલે - પગલે

## કવિ પરિચય



કવિ : સંતબાલ

જન્મ : 26-08-1904

મૃત્યુ : 26-03-1982

- શ્રી સંતબાલનું મૂળનામ શિવલાલ હતું.
- તેમનો જન્મ મોરબી તાલુકાના ટોળ ગામમાં થયો હતો.
- તેઓએ જૈન ધર્મની દિક્ષા લઈ જૈનસાધુ બન્યા હતા.
- ત્યારબાદ તેઓ સંતબાલ તરીકે ઓળખાય છે.
- સંતબાલ ક્રાંતિકારી જૈન સંત હતા.
- તેમણે જૈનધર્મ, ભારતીય દર્શનો તેમજ અધ્યાત્મવિષયક વિપુલ સાહિત્યસર્જન કર્યું હતું.
- તેમણે સમાજઘડતરનાં કાર્યો કર્યાં હતાં.
- તેમની પ્રેરણાથી ગુજરાત અને મહારાષ્ટ્રમાં કેટલીક સંસ્થાઓ મુનિશ્રીના આદર્શ પ્રમાણે કાર્ય કરી રહી છે.
- 'સર્વધર્મ પ્રાર્થના', 'વિશ્વવાત્સલ્ય મહાવીર', 'બ્રહ્મચર્ય-સાધના', 'ધર્માનુબંધ', 'વિશ્વદર્શન' જેવાં દસ પુસ્તકો તેમણે આપ્યાં છે.

# 7. પગલે - પગલે

પગલે પગલે સાવધ રહીને

પ્રેમળતા પ્રગટાવ્યે જા.

અંતરને અજવાળી વીરા

પથ તારો કાપ્યે જા.

કાંટા આવે, કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;

ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.

દુર્ગમ પંથ કાપ્યે જા.

હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના;

શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.

દુર્ગમ પંથ કાપ્યે જા.

# 7. પગલે - પગલે

પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા
પથ તારો કાપ્યે જા.

હે વીરા ! જીવનમાં પગલે-પગલે એટલે કે દરેક પગલે સાવધાન રહીને,તું બધે પ્રેમની ભાવના પાથરતો રહે.

તારાં અંતર એટલે કે હ્રદયને સ્વચ્છ કરીને તારા જીવનના માર્ગમાં આગળ વધતો જા.

કાંટા આવે, કંકર આવે, ધોમ ધખંતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

તારા રસ્તામાં કાંટા આવે, કાંકરા આવે કે સખત તાપમાં તપતી રેતી જેવી મુશ્કેલીઓ, અડચણો કે દુઃખો આવે છતાં તું એ વિકટને કપરાં માર્ગે ધીરજ રાખીને ચાલ્યો જા. એ કઠિન માર્ગે તું આગળ વધતો જા.

હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના;
શિસ્ત, શાંતિ ને સેવાનો તું, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

તારી હિંમત તું ખોતો નહીં, સામે અનેક સ્વાર્થ આવશે એ સ્વાર્થ સામે જોતો નહીં, સૌને શિસ્ત, શાંતિ અને સેવાનો બોધ મળે એવું જીવન જીવજે. એ કઠિન માર્ગે તું આગળ વધતો જા.